# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૧/૮૮૩૬ તા.૦૧/૧૨/૨૦૨૧

**પરિપત્ર - ૨૫૭૯**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે બી.એડ્. સેમેસ્ટર-૩ (ન્યુ કોર્સ) ની વાઈવાની પરીક્ષાના સંદર્ભમાં જરૂરી સાહિત્ય તા.૦૩/૧૨/૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૦૦ થી બપોરના ૦૧:૦૦ કલાક સુધીમાં યુનિવર્સિટી ખાતેથી મેળવી લેવું. આ માટે કોલેજના આચાર્યશ્રીના સહી સિક્કા સાથેનો ઓથોરીટી લેટર લાવવો જરૂરી છે. તેમજ વાઈવાના સંદર્ભમાં નીચેની સૂચનાઓ/બાબતો ધ્યાનમાં રાખવા જણાવવામાં આવે છે.

1. આપની કોલેજમાં વાઈવા માટે યુનિવર્સિટી દ્વારા નિયુક્ત પરીક્ષકોને આપની કક્ષાએથી તા.૦૪/૧૨/૨૦૨૧ ના રોજ નિયુક્તિ અંગેની જાણકારી પૂરી પાડવાની રહેશે. તેમજ કોઈ પરીક્ષક આ કામગીરી માટે ના પડે તો તેમની પાસે કારણ સહીત પત્ર મંગાવી તેની જાણ યુનિવર્સિટીને તા.૦૬/૧૨/૨૦૨૧ સુધીમાં કરવાની રહેશે.
2. વાઈવાના દિવસે યુનિવર્સિટી દ્વારા પૂરૂં પાડવામાં આવેલ સાહિત્ય પરીક્ષકશ્રીઓને પૂરૂં પાડવાનું રહેશે.
3. પરીક્ષકોની આવશ્યકતા અનુસાર હાજરી પત્રક, વ્યક્તિગત ગુણાંકન પત્રક, એકંદર ગુણાંકન પત્રક, રેમ્યુંરેશન બીલ તથા TA/DA બીલની ઝેરોક્સ કોલેજ કક્ષાએથી પૂરી પાડવાની રહશે.
4. પરીક્ષક દ્વારા આપવામાં આવેલ હાજરી પત્રક, વ્યક્તિગત ગુણપત્રક અને એકંદર ગુણાંકનપત્રક નું સીલબંધ કવર તથા રેમ્યુંરેશન બીલ તથા TA/DA બીલ પરીક્ષા પૂર્ણ થયાના બીજા દિવસે ફરજિયાતપણે યુનિવર્સિટી ખાતે જમા કરાવવાનું રહેશે.
5. વાઈવાના દિવસે તમામ વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ કાર્ય અંગેનું તમામ સાહિત્ય, લેખિત પરીક્ષાની હોલ ટીકીટ અને કોલેજનું આઈ.કાર્ડ. સાથે રાખવા જરૂરી હોય તે માટે આપની કક્ષાએથી સુચના આપવી.
6. તમામ પરીક્ષાર્થીઓનું થર્મલ ગનથી તાપમાન ચેક કર્યાબાદ જ પ્રવેશ આપવાનો રહેશે. જો કોઈ વિદ્યાર્થીનું તાપમાન અસામાન્ય જણાય તો પરીક્ષકશ્રીને જાણ કરવી અને પરીક્ષકશ્રીએ તાત્કાલિક યુનિવર્સિટીને જાણ કરવી.
7. પરીક્ષકશ્રી, કોલેજ સ્ટાફ અને પરીક્ષાર્થીઓએ પરીક્ષા કેન્દ્ર અને સમગ્ર પરીક્ષા દરમિયાન માસ્ક ફરજીયાત પહેરવાનું રહેશે તથા ક્યાંય પણ સોશીયલ ડીસટન્સિંગનું ભંગ ન થાય તેની કાળજી રાખવાની રહેશે.
8. પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષાર્થીઓનાં ટોળા ભેગા ન થાય તેની તકેદારી રાખવી
9. કોવીડને લગતી તમામ SOP નું પાલન થાય તેની તકેદારી રાખવી.

I/c પરીક્ષા નિયામકશ્રી,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત તમામ પરીક્ષકશ્રીઓ તરફ જાણ સારૂં.